# ભારતીય જનતા પક્ષ


(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી-01

ફોનઃ 011-23005700, ફેક્સઃ 011-23005787


## કેન્દ્રીય બજેટ વિશે લોકસભાના વિપક્ષી નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજ અને રાજ્યસભાના વિપક્ષી નેતા શ્રી અરુણ જેટલીની પ્રતિક્રિયા

સંસદમાં રજૂ થયેલું કેન્દ્રીય બજેટ ભારતીય અર્થતંત્રને ઘણુ ઓછું આપી શકશે, એમ જણાય છે. નાણા પ્રધાને પ્રતિકૂળ સંજોગોમાં આવું બજેટ રજૂ કર્યું છે. યુપીએ સરકારના નીતિગત પક્ષઘાતને કારણે ભારતીય અર્થતંત્ર તંગ પરિસ્થતિ ભણી ધકેલાઈ ગયું છે. આવા સંજોગોમાં નાણા પ્રધાન નિસહાય પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોય એવું જણાય છે. એટલા માટે જ તેમણે નીતિ અને કરવેરાના માળખામાં ફક્ત બાહ્ય દેખાવ સુંદર લાગે એવું બજેટ રજૂ કર્યું છે. બજેટ શાબ્દિક માયાજાળ ધરાવતું હોવા છતાં તેની મહત્ત્વાકાંક્ષા ઘણી નીચી છે. ભારતીય ઉત્પાદક્ષેત્રને જોમવંતુ બનાવવા તેમાં નક્કર પગલાંની ઉણપ જણાય છે. કૃષિક્ષેત્રની પણ સરકારે અવગણના કરી છે. સામાન્ય જનતા શબ્દનો પરંપરાગત ઉલ્લેખ પણ બજેટમાં કરવામાં આવ્યો નથી. નિકાસને પ્રોત્સાહન આપવા તથા ફુગાવા પર નિયંત્રણ માટે તેમજ રૂપિયાને મજબુત બનાવવા કોઈ ખાસ પગલાં લેવામાં આવ્યા નથી. અર્થતંત્રનો વિકાસદર (જીડીપી) ઘટીને પાંચ ટકા રહેવાની ધારણા દર્શાવ્યા બાદ હવે પછી નવ ટકા વિકાસદર સુધી અર્થતંત્રને કેવી રીતે પહોંચાડવામાં આવશે તેની ભાવિ યોજના વિશે બજેટમાં જાણકારી અપાઈ નથી.

અમુક વર્ગમાં સીધા અને આડકતરા કરવેરા વધારવામાં આવ્યા છે. બીજી બાજુ ખર્ચ અને જોગવાઈઓમાં કાપ મૂકવામાં આવ્યો છે જેથી નાણાકીય ખાધનો આંકડો દેખાવે બહેતર રહે. બજેટ દસ્તાવેજમાં તેના અનેક ઉદાહરણો જોવા મળે છે. ચાલુ વર્ષે કુડ સબસિડી બિલનો આંકડો રૂ. 75,000 કરોડ રહેવાનો અંદાજ રાખવામાં આવ્યો, તે સુધારીને રૂ. 85,000

કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આગામી વર્ષના બજેટ અંદાજ ઘટાડીને રૂ. 80,000 કરોડ કરવામાં આવ્યા છે. નાણા પ્રધાન ફુડ સિક્યૉરિટી ખરડાને કારણે વધારાના રૂ. 10,000 કરોડની જોગવાઈનો દાવો કરી રહ્યા છે. હકીકતમાં અસરકારક વધારો રૂ.5000 કરોડનો જ છે, જે મામુલી છે. હેલ્થ મિશનમાં ચાલુ વર્ષે બજેટકીય જોગવાઈ રૂ.18515 કરોડની હતી, તે સુધારીને રૂ.15411 કરોડ કરવામાં આવી છે. આગામી વર્ષે તેમાં ફક્ત રૂ.3000 કરોડનો મામુલી વધારો કરાયો છે. પંચાયતી રાજમાં પણ આવી જ પરિસ્થિતિ છે. યુપીએની રોજગાર ગેરેન્ટી યોજના પાછળ રૂ. 40,000 કરોડ ફાળવવાનું વચન અપાયું હતું. છેલ્લા બે વર્ષમાં તે રકમ ઘટાડીને રૂ.33,000 કરોડ કરી નાખવામાં આવી અને ચાલુ વર્ષે રૂ.29387 કરોડનો ખર્ચ થવાની વકી છે, જ્યારે આગામી વર્ષે તેમાં વધુ ઘટાડો કરાય એવી ધારણા છે. નાણા પ્રધાને તેનું સૂચિત લક્ષ્યાંક ઘટાડીને રૂ.33,000 કરોડ કર્યો છે. પ્રધાન મંત્રી(વડા પ્રધાન) સડક યોજનામાં રૂ.29677 કરોડની જોગવાઈમાં નિષ્ફળતા આનું જ્વલંત ઉદાહરણ છે. ચાલુ વર્ષે તેનો સુધારિત અંદાજ 40 ટકા છે એટલે કે રૂ.8100 કરોડ. ચાલુ વર્ષે તેનો ખર્ચ વધારીને રૂ.15690 કરોડ કરાય એવી ધારણા છે.

રોકડ રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની યોજનાને યુપીએ પોતાની વિશિષ્ટ યોજના તરીકે ગણાવે છે. કુલ 26 યોજનાઓ પાછળ રૂ.5595.02 કરોડ ફાળવવામાં આવ્યા છે. હકીકતમાં તેની પાછળ માત્ર રૂ.5.38 કરોડનો ખર્ચ કરાય એવો અંદાજ છે.

બજેટમાં કેટલીક ચેતવણી પણ દર્શાવાઈ છે, જેમ કે રૂ.96980 કરોડની પેટ્રોલિયમ સબસિડી ઘટાડીને રૂ.65,000 કરોડ લાવવી. આનો અર્થ એવો થયો કે પેટ્રોલ-ડિઝલ અને ગેસના ભાવ દારવામાં આવશે.

આ બજેટ નીતિવિષયક નિવેદન નથી. તેમાં કોઈ ધરખમ ફેરફારો સૂચવવામાં આવ્યા નથી. આ ફક્ત હિસાબી પ્રક્રિયા જ હોવાનું જણાય છે કે જેમાં ખર્ચ ઘટાડીને કરવેરા વધારવામાં આવ્યા નહિ હોવાનો દાવો કરાયો છે. આનાથી કંઈ વિકાસ ઝડપી નહિ બને. ખાસ કરીને ગરીબો, પછાત વર્ગ અને ખાસ કરીને મધ્યમ વર્ગે સૌથી વધારે સહન કરવું પડશે.

(આર.કે.સિન્હા)
માનદ મંત્રી
ભાજપ સંસદીય પક્ષ